Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

卐卐
卐卐

# શ્રી આત્માનંદ પ્રકાશ

卐卐
卐卐



*

સાંભળવામાં સ્વાદ છે,
સંભળાવવામાં પણ સ્વાદ છે;
પરંતુ સાંભળવા ને સંભળાવવા કરતા,
અમલ કરવામાં અનેરો આસ્વાદ છે.

*

માનાર્હ તંત્રી : શ્રી કે. જે. દોશી એમ. એ.
માનાર્હ સહતંત્રી ડૉ. પ્રફુલ્લા રસિકલાલ વોરા એમ. એ. એમ. એડ

પુસ્તક : ૮૭
અંક : ૩

પોષ
જાન્યુઆરી
૧૯૯૦

આત્મ સંવત ૯૪
વીર સંવત ૨૫૧૫
વિક્રમ સંવત ૨૦૪૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | સુશાસ્ત્રોની ઉપકારિતા | પ૦ પૂ૦ ભદ્રંકરવિજયજી મ૦ સા૦ | ૩૭ |
| (૨) | સાધનાનું નંદનવન સ્વાધ્યાય | પ્રવચનકાર : પૂ. આ. વિજયવલ્લભસૂરીજી<br>અનુવાદક : ડૉ. કુમારપાળ દેસાઈ | ૩૮ |
| (૩) | મૂર્ચ્છા પરિગ્રહ | સ્વ. મનસુખલાલ તા. મહેતા | ૪૩ |
| (૪) | તીર્થંકરોના જન્મ સમયે | રતિલાલ માણેકચંદ શાહ | ૪૬ |
| (૫) | રૂપ અરૂપ | સ્વ મનસુખલાલ તારાચંદ મહેતા | ૫૦ |


## આ સભાના નવા આજીવન સભ્યનું નામ

## ૧. શ્રી દેવચંદભાઈ તારાચંદભાઇ દોશી–ભાવનગર.

## યાત્રા પ્રવાસ–૨

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સંવત ૨૦૪૬ના માગસર વદી પાંચમને તા. ૧૭-૧૨-૮૯ ના રોજ શ્રી ઘોઘા તીર્થ ઉપર યાત્રા કરવા ગયા હતા. ખૂબ જ સારી સંખ્યામાં સભ્યો આવેલ હતા. ખૂબ જ આનંદ અને ભક્તિપૂર્વક પૂજા ભણાવવામાં આવી હતી. સવાર સાંજ આવેલ સભ્યોની સ્વામી ભક્તિ કરવામાં આવી હતી

## સામાયિક વ્રત

'ભગવાને શારીરિક અને માનસિક અનેક દુઃખોના નાશરૂપ મોક્ષના પરમ ઉપાય તરીકે સામાયિકને જ કહેલ છે.

સર્વ પ્રાણીઓ પ્રત્યે સમભાવ, સંયમ, શુભભાવના અને આર્ત્તધ્યાન તથા રૌદ્ર ધ્યાનનો ત્યાગ એ જ સામાયિક વ્રત છે.

## ધર્મ

અહિંસા, મન, વચન અને કાયાથી પાળવાથી વેરની ભાવના શમી જાય છે, સર્વ પ્રત્યે મૈત્રીભાવનું પવિત્ર ઝરણું વહે છે. પ્રસન્નતા અનુભવાય છે, દુઃખી જીવો પ્રત્યે કરુણા જન્મે છે. આ કરુણાને–દયાને ધર્મનું મૂળ ગણેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.

માનદ સહતંત્રી : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા એમ.એ.; એમ.એડ.

વર્ષ : ૮૭] વિ. સં. : ૨૦૪૬ : પોષ-જાન્યુઆરી-'૯૦ [ અંક : ૩


# સુશાસ્ત્રોની ઉપકારિતા

—લે. પૂ. પં. ભદ્રંકરવિજયજી

માણસનો સ્વભાવ જિજ્ઞાસુ પણ છે અને શ્રદ્ધાળુ પણ છે.

જિજ્ઞાસા વિશાળતામાં લઈ જાય છે અને શ્રદ્ધા મક્કમપણું સમર્પે છે. પરંતુ એ બંનની સાથે જો આસુરી વૃત્તિ ભળે, તો અંશ સત્યમાં પૂર્ણ સત્ય જોવાની ફરજ પાડે છે. તેમાંથી સાચા-ખોટા અને ચઢતા-ઉતરતાના ભેદો પડે છે, જે અનિષ્ટ છે.

સત્ય એક અને અખંડ હોવા છતાં તેનો આવિર્ભાવ, તેનું ભાન કાળક્રમથી અને પ્રકાર ભેદથી જ થાય છે.

પ્રત્યેક પ્રતીતિ આંશિક હોય છે. તેને પૂર્ણતાનું નામ આપવામાં આવે, તો તે અસત્ય છે.

ધર્મશાસ્ત્રોએ અખંડ સત્યની દેશ, કાળ, પુરૂષ, પ્રકૃત્તિભેદ પ્રમાણે જુદી જુદી બાજુઓને રજૂ કરતા મણકાઓ છે. એ વાતને સમજવાથી આપણે આપણી પોતાની વાતને વળગી રહેવા છતાં બીજાને અન્યાય કરનારા નહિ બનીએ અને તેમ કરી બીજાને પણ અન્યાયમાં ઉતરવાની પરિસ્થિતી-માંથી બચાવી શકીશું.

સત્યને વફાદાર રહેવા જરૂરી એ છે કે તેની હોય તેથી વધારે કિંમત આંકી અંધશ્રદ્ધા ન ખીલવવી અને ઓછી કિંમત આંકી અશ્રદ્ધા-નાસ્તિકતા ન દાખવવી.

શાસ્ત્ર શબ્દમાં 'શાસૂ' ધાતુ વિષયને સમજાવનારો અને 'ત્ર' ધાતુ ત્રાણ રક્ષણ કરનારો છે. રક્ષણ યથાર્થતાથી થાય છે. અને શિખામણ વિષયને વિસ્તારવાથી થાય છે.

એ રીતે 'શાસ્ત્ર' શબ્દ જ જિજ્ઞાસા અને શ્રદ્ધા એ બે ગુણને પુષ્ટ કરવા માટે છે.

અંશ સત્યનાં આવિર્ભાવની દષ્ટિએ બધાં શાસ્ત્રો છે, પૂર્ણ સત્યના આવિર્ભાવની દષ્ટિએ નહિ. અને અનુભવના સામર્થ્ય યોગના આવિર્ભાવની દષ્ટિએ બેમાંથી કાંઈ જ નથી.

સુવિકસિત શ્રદ્ધા મેધાવંતને આ વાત તરત જ સમજાય તેવી છે. અંશની પ્રતીતિ કરાવીને પૂર્ણમાં લઈ જનારાં હોઇને સુશાસ્ત્રો સદા ઉપકારક રહ્યાં છે, સ્વાધ્યાયનાં વિષયભૂત ઠર્યા છે તે કદી ભૂલવા જેવું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાધનાનું નંદનવન સ્વાધ્યાય

-૦- પ્રવચનકાર -૦-
પૂ૦ આ૦ વિજયવલ્લભસૂરિજી

-૦- અનુવાદક -૦-
ડૉ૦ કુમારપાળ દેસાઈ

( ગતાંકથી ચાલુ )

## ચક્રવર્તીને બદલે તપસ્વી :

સ્વાધ્યાય કરતાં કરતાં 'જીવન ક્ષણભંગુર છે' અને 'અમે અજર–અમર છીએ' એમ બંને પ્રકારના પ્રસંગો તમને મળશે. આનાથી ગભરાવાની જરૂર નથી અથવા તો કોઈ એકને સ્વીકારીને આંધળી દોટ લગાવવાની જરૂર નથી. હકીકતમાં બંને વચ્ચે સેતુ સધાવવો જોઇએ. એનો સમન્વય સાધવો જોઇએ. વીજળીના બે તાર મળે તો જ એ પ્રકાશ આપે છે એ જ રીતે જીવનની ભંગુરતા અને નિત્યતા બંનેનો સમન્વય આપણા જીવનમાં પ્રકાશ અને ગતિનું પ્રદાન કરે છે.

સ્વાધ્યાયને લીધે જીવનની અપરંપાર ઘટનાઓ જાણવા અને સમજવા મળશે. વિશ્વના ઘટનાચક્રોનો સ્વાધ્યાય પણ અનેક અનુભવ આપશે. આ બધા અનુભવોનો મેળાપ સાધો. મહાપુરુષોના જીવનના જે અનુભવો સામાન્ય કે સપાટી પરના લાગે તેને છોડી દો અને વિશિષ્ટ પુરુષોના અનુભવોને જ ઉદાહરણીય માનીને ચાલવું જોઈએ. આ જ જીવનના સ્વાધ્યાયનો લાભ છે.

મર્યાદાપુરુષોત્તમ શ્રીરામ અયોધ્યા છોડીને વનની વાટે સંચરતા હતા ત્યારે અયોધ્યાવાસીઓ તેમની પાછળ પાછળ આવતા હતા. રામે એમને અયોધ્યા પાછા ફરવા જણાવ્યું, પરંતુ અયોધ્યાવાસીઓ તો સાથે જ જવા આતુર હતા. રામે વારંવાર એમને અયોધ્યા પાછા જવા કહ્યું ત્યારે અયોધ્યાવાસીઓએ શ્રીરામને વિનંતી કરી,

"આપ તો અયોધ્યા ત્યજીને વનવાસ જઈ રહ્યાં છો. અમને કોઈ એવો સંદેશો આપો કે જે અમારા જીવનમાં લાભદાયી બને."

રામે કહ્યું, "આ હમણાં જ તમારી સામે જે ઘટના બની છે તેનાથી વિશેષ બીજો કયો સંદેશો હોઈ શકે? જે સુવર્ણ સિંહાસન માટે આટલી બધી તૈયારીઓ કરવામાં આવી હતી. અયોધ્યા નગરીને સ્વર્ગની નગરી જેવી બનાવવામાં આવી હતી એ બધી જ વાતો જાણે હવામાં ઓગળી ગઈ. એ બધાની કોઈને કશી જાણ પણ નથી આજે સોનાનું સિંહાસન છે ખરું. અયોધ્યા પણ એની એ જ છે, પણ બધું જ સૂમસામ છે. જે વિચાર્યું હતું તે બધું જ સ્વપ્નવત્ બની ગયું. જેની સ્વપ્નમાં પણ કલ્પના કરી નહોતી એ કઠોર વાસ્તવિકતા બનીને સામે ઊભી છે. સવારે જે અયોધ્યાના રાજ સિંહાસન પર બિરાજમાન થઇને ચક્રવર્તી થવાનો હતો તે આજે વનવાસી તપસ્વી બનીને જઇ રહ્યો છે. શું આ ઘટનાથી તમારા જીવનને અપૂર્વ સંદેશ સાંપડતો નથી?"

શ્રીરામનો આ સંદેશ લઇને પ્રજાજનોએ વસમી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિદાય લીધી. જો આપણે આપણા અંતરનો સ્વાધ્યાય કરવા માગતા હોઈએ તો શાસ્ત્રોના પૃષ્ઠો પર શબ્દબદ્ધ થયેલી ઘટનાઓ અને જગતના ઘટનાક્રમને આપણા માનસમાં પ્રતિબિંબિત કરવો જોઈએ. એ દ્વારા સ્વજીવનનું અધ્યયન કરવું જોઈએ આને જ શાસ્ત્રોમાં અનુપ્રેક્ષા સ્વાધ્યાય કહેવામાં આવે છે.

## મનોહર નંદનવન

એક દૃષ્ટિએ વિચારીએ તો સ્વાધ્યાય એ જીવનનું નંદનવન છે. સ્વાધ્યાયરૂપી નંદનવનમાં પ્રવેશ કરીએ ત્યારે એમાં ગ્રંથ કે શાસ્ત્રરૂપી વૃક્ષોની શીતળ છાયા મળશે આ શાસ્ત્રવૃક્ષ પાસેથી અમૃત સમું મીઠું આચારફળ મળશે. તેમજ એક એકથી ચઢિયાતા વિચારોના પુષ્પો મળશે. ક્યાંક કાંટા હશે તો ક્યાંક આત્માને શુદ્ધ અને પવિત્ર કરનાર સુંદર સરોવર પણ હશે દુષ્કર્મ ફલરૂપી કંટકોથી આપણે બચવું પડશે અને તપરૂપી સુંદર સરોવરમાં પસ્તાવાના વિપુલ જલથી સ્નાન કરીને આત્માને શુદ્ધ અને પવિત્ર બનાવવો પડશે. નંદનવનમાં ચોતરફ મનોહર દૃશ્યો દેખાય એ જ રીતે સ્વાધ્યાયરૂપી નંદનવનમાં પણ મહાપુરુષોના જીવનના મનોહર દૃશ્યો નજરે પડશે. એમના ચિંતનની સુવાસ મધમધતી હશે આમ સ્વાધ્યાયરૂપી નંદનવનમાં પ્રવેશ કરીને આપણે આપણાં આત્મા, મન, બુદ્ધિ અને હૃદયને તાજગી અર્પીએ છીએ. આપણા જીવનમાં એ સુવિચારો, શુદ્ધ આચારો, તપ આદિને અપનાવી શકીએ છીએ.

આટલી વિવેચના પછી સ્વાધ્યાયના મહત્ત્વનો તમને ખ્યાલ આવી ગયો હશે. સ્વાધ્યાયનું આનાથી વિશેષ મહાત્મ્ય પણ છે. કોઇ લોખંડની ચીજનો તમે ઉપયોગ કરો નહિ તો તેના પર કાટ લાગે છે અને થોડા જ સમયમાં સડીને ખતમ થઈ જશે. એનો કશો ઉપયોગ નહિ કરી શકો આવી જ રીતે આત્મા કે જીવનને પણ જો આપણે વારંવાર જાગૃતિપૂર્વક સમાર્જન ન કરીએ અને એના તરફ ઉપેક્ષા દાખવીએ તો તેના પર પણ કષાયાદિનો કાટ લાગશે અને પરિણામે આત્માને વિનાશ તરફ લઇ જશે. આવો આત્મા સત્ત્વહીન અને બળહીન થતા કોઈ મહાન ધર્મકાર્ય કરી શકશે નહિ.

સ્વાધ્યાય દ્વારા જ આત્માને વારંવાર જાગૃત રાખી શકાય છે જેથી એના પર કષાયાદિનો કાટ લાગે નહિ. વારંવાર સ્વાધ્યાય કરવાથી આત્મા પોતાનો મૂળ સ્વભાવ, પોતાના અસલ ગુણો અને પોતાની શક્તિઓને જાણી શકે છે જેથી ક્રોધ જેવા કષાય સામે સતત સાવધાન રહે છે સ્વાધ્યાયથી આત્મા બળવાન બને છે અને તે દ્વારા વ્યક્તિ મહાન ભગીરથ ધર્મકાર્ય કરી શકે છે. આથી સ્વાધ્યાય આત્માને શુદ્ધ અને બળવાન બનાવીને એને મહાત્મા બનાવે છે. આવા મહાત્માને પરમાત્મા સાથે જોડનારી કડી એટલે સ્વાધ્યાય.

## ચિર-સ્વાધ્યાયનું ફળ

શાસ્ત્રોમાં અનેક સ્થળોએ સ્વાધ્યાયના મહાત્મ્યનું વર્ણન મળે છે.

"बारसविहंमि तवे अब्भिंतर-बाहिरे
कुसलदिट्ठे ।
न वि अत्थि न वि अ होटि सज्झायसमं
तवोकम्मं ॥ "

"સર્વજ્ઞ પ્રભુના નિપુણ અનુભવોની આંખોથી જોવામાં આવેલા બાર પ્રકારના તપમાં સ્વાધ્યાય જેવું તપકર્મ બીજું કોઇ નથી અને બીજું કોઈ થશે પણ નહિ."

" इग - दुति - मासखमणं संवच्छरमवि
अणसिओ हुज्जा ।
सज्झायझाणरहिओ एगोवास्फलं वि न
लभिज्जा ॥ "

"કોઈ સાધક સતત એક, બે કે ત્રણ મહિના સુધી ઉપવાસ કરે અથવા તો એક વર્ષ સુધી અનશન (ઉપવાસ) કરે, પરંતુ જો એ દિવસોમાં એ સ્વાધ્યાય અને ધ્યાનથી રહિત રહેશે તો એને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક ઉપવાસનું ફળ પ્રાપ્ત નહિ થાય."

આથી જ દશવૈકાલિક સૂત્રમાં પ્રત્યેક સાધકને માટે કહ્યું છે,

'सज्झाय-सुज्झाणरयस्स ताइणो ।
अप्पाणभावस्स तवे रयस्स ॥"

"પ્રાણી માત્રના રક્ષક, વિશ્વવત્સલ સાધુ, સ્વાધ્યાય અને સુધ્યાનમાં રત રહે. આત્માના ભાવો અને તપમાં લીન રહે"

ભગવાન મહાવીર સ્વાધ્યાયના પ્રબળ સમર્થક હતા તેઓ ભોજનનો ત્યાગ કરતા હતા, પરંતુ સ્વાધ્યાયનો નહિ એમણે એક-બે દિવસ નહિ, પણ છ-છ મહિના સુધી ભોજનનો ત્યાગ કર્યો હતો. પણ એક દિવસ પણ સ્વાધ્યાય છોડયો નહોતો. આથી જ ભારતીય સંસ્કૃતિમાં સ્વાધ્યાયને મહત્ત્વપૂર્ણ સ્થાન આપવામાં આવ્યું છે. ભારત પાસે જે જ્ઞાનનો ભંડાર છે, આધ્યાત્મિક ચિંતન અને મનનમાંથી સાંપડેલું નવનીત છે અને જેને માટે આપણે ગૌરવનો અનુભવ કરીએ છીએ તેમજ ભારત વિશ્વને સંદેશ આપવાની ક્ષમતા રાખે છે તે મૂળ તો મહાપુરુષોએ કરેલા ચિર-સ્વાધ્યાયનું જ ફળ છે. જ્ઞાનના દીપકને સતત પ્રજ્વલિત રાખવા માટે સ્વાધ્યાયનું તેલ જ ઉપયોગમાં આવશે તો જ ચિરસંચિત જ્ઞાનજ્યોતિ સ્થિર રહી શકશે.

## જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય

આમ તો સ્વાધ્યાયના લાભ સર્વવિદિત છે. સ્વાધ્યાયનો સૌથી મોટો લાભ છે જ્ઞાનપ્રાપ્તિ. સ્વાધ્યાય કરતી વખતે હજારો વર્ષ પૂર્વે મહાપુરુષોએ કરેલા ચિંતન અને મનનના વિશ્વમાં આપણું ચિત્ત રમમાણ બની જાય છે. એ મહાપુરુષોને આપણે પ્રત્યક્ષ મળ્યા નથી, પરંતુ જીવન અને જગતના ગહન અનુભવોમાંથી તારવેલા એમના વિચારોનો આપણે સાક્ષાત્કાર કરી શકીએ છીએ. એમના ચિંતન-મનનનો અભ્યાસ કરતાં આપણે એમ અનુભવીએ છીએ કે જાણે એ મહાપુરુષો સાથે વાત ન કરતા હોઈએ! અને તેઓ આપણા જીવનના ગૂંચવાયેલા કોયડાને ઉકેલી રહ્યા ન હોય!

સ્વાધ્યાય હજારો વર્ષના જીવનમંથનમાંથી નીકળેલું નવનીત આપે છે. સાથોસાથ આપણા જીવનપટ પર છવાયેલા અજ્ઞાનના ગાઢ અંધકારને અળગો કરીને જ્ઞાનનો પ્રકાશ આપે છે ભગવાન મહાવીરને એમના શિષ્ય ગૌતમસ્વામીએ આ જ પૂછ્યું હતું—

"सज्झाणण भंते जीवे किं जणयइ ?
सज्झाणणं नाणावरणिज्जं कम्मं खवइ ।"

"ભન્તે! સ્વાધ્યાય કરવાથી જીવને શો લાભ થાય છે?"

ગૌતમસ્વામીના પ્રશ્નના ઉત્તરમાં ભગવાન મહાવીરે કહ્યું, "સ્વાધ્યાય દ્વારા આત્મા પોતાના જ્ઞાન પરના આવરણો દૂર કરે છે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરે છે."

આનો અર્થ જ એ કે સ્વાધ્યાય જ્ઞાનમાં અવરોધક કારણોને દૂર કરે છે. આ આવરણ દૂર થતાં જ પ્રાપ્ત જ્ઞાન આપણા જીવનને નવો રાહ આપવામાં સક્ષમ હોય છે.

મારે તમને પૂછવું છે કે તમે આજે અને અત્યારે રોટલી ખાશો તો તમારી ભૂખ કલાક કે મહિના બાદ છીપાશે? રોટલી ખાતા જ ભૂખ સમાપ્ત થઇ જાય છે. આવી જ રીતે સ્વાધ્યાયનું ફળ પણ તરત મળતું હોય છે. સ્વાધ્યાય કરો અને તત્કાળ જ્ઞાનની પ્રાપ્તિ થશે. આથી જ શાસ્ત્રકારોએ કહ્યું છે:

"मण-वयण-कायमगुत्तो नाणावरणं च
खवइ अणुसमयं ।

सज्झाये वट्टं तो खणे-खणं जाइ वेरग्गं ॥"

સ્વાધ્યાયમાં પ્રવૃત્ત વ્યક્તિ મન, વચન અને કાયાના વ્યાપારને એકાગ્ર (અન્ય વિષયોમાંથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિવૃત્ત) રાખે તો એ સતત જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરે છે અને ક્ષણ ક્ષણમાં વૈરાગ્ય પ્રાપ્ત કરે છે."

## એકાગ્રતાની આધારશિલા

મહત્ત્વની વાત એ છે કે સ્વાધ્યાયના સમયે મન, વચન અને કાયા – ત્રણેય એમાં કેન્દ્રિત હોવા જોઇએ. મન કોઇ બીજી જગ્યાએ ઘૂમતું હોય. વાણીથી માત્ર પાઠનું ઉચ્ચારણ જ થતું હોય અને શરીર અન્ય કોઈ કાર્યમાં પ્રવૃત્ત હોય આંખો કોઇ દૃશ્ય જોતી હોય, કાન કોઈ સંગીતના સૂર સાંભળતા હોય, હાથ કોઈ જુદી જ ચેષ્ટા કરતા હોય તો આ રીતે કરવામાં આવેલો સ્વાધ્યાય કેવળ વાણીવિલાસ જ બનશે. માત્ર મુખપાઠ કરવાથી સ્વાધ્યાયનો હેતુ સિદ્ધ થતો નથી. ઉચ્ચારણની સાથોસાથ મનને એના અર્થમાં પરોવી દેવું જોઇએ. શરીરને એકાગ્ર કરવું જોઇએ તો જ સ્વાધ્યાયનો યોગ્ય લાભ મળે

આજ-કાલ ઘણા માણસો મનની એકાગ્રતા કઈ રીતે સાધવી તેનો ઉપાય પૂછે છે મારી દૃષ્ટિએ તો મનની એકાગ્રતા માટે કોઈ સર્વશ્રેષ્ઠ ઉપાય હોય તો તે શ્રેષ્ઠ ગ્રંથ, ઉત્તમ સાહિત્ય કે પવિત્ર શાસ્ત્રનો સ્વાધ્યાય છે. મનની બહિર્મુખી વૃત્તિને અંતર્મુખ બનાવે છે સ્વાધ્યાય મનને આત્મા સાથે સાંધી આપે છે. કેટલાંક લોકો મનની એકાગ્રતા માટે માળા અથવા આનુપૂર્વીનો આશરો લે છે અલ્પ-શિક્ષિત, વિકલાંગ, અંધ કે અશકત વ્યક્તિઓ માટે આ સાધનોનો ઉપયોગ ખોટો નથી, પરંતુ જેટલી તન્મયતા અને રસિકતા સ્વાધ્યાયથી સાંપડશે તેટલી માળા કે આનુપૂર્વીથી સાંપડશે નહિ. આથી જેઓ ભણેલા છે તેમને માટે તો સ્વાધ્યાય એ જ ઉત્તમ સાધન છે.

માત્ર જૈન શાસ્ત્રો જ નહીં, બલ્કે વેદો, ઉપનિષદો, યોગદર્શન વગેરેમાં પણ સ્વાધ્યાયનો મહિમા વર્ણવવામાં આવ્યો છે "યોગદર્શન" માં સ્વાધ્યાયને એક નિયમરૂપે [illegible] આવ્યો છે એમાં સ્વાધ્યાયનું ફળ દર્શાવતાં કહ્યું છે,

**"स्वाध्यायादीष्टदेवता सम्प्रयोग"**

"સ્વાધ્યાયથી ઇષ્ટ દેવતાનો સંયોગ થાય છે"

સ્વાધ્યાયના સુફળને પૂર્ણ રૂપે પ્રાપ્ત કરવા માટે ત્રણ બાબતો મહત્ત્વની છે. (૧) સ્વાધ્યાય કરતી વખતે આપણું ધ્યાન શાસ્ત્રના શબ્દો અને તેના અર્થો પર કેન્દ્રિત હોવું જોઈએ. (૨) સ્વાધ્યાય પ્રતિદિન નિયમિત થવો જોઇએ. (૩) બ્રહ્મચર્ય દૃઢતા (ગૃહસ્થને માટે શીલપાલનમાં દૃઢતા) હોવી જોઇએ

આ ત્રણેય બાબતો લક્ષમાં રાખીને સ્વાધ્યાય કરવામાં આવે તો કેવું સુફળ સાંપડે તેનો ખ્યાલ મહારાજા કુમારપાળના જીવનમાં મળી રહે છે.

## સ્વાધ્યાયનું સુફળ

આચાર્ય હેમચંદ્રની પ્રેરણાથી મહારાજા કુમારપાળ શૈવધર્મી હોવા છતાં જૈન ધર્મનાં વ્રતોનું પાલન કરતાં હતા એમણે નિયમ કર્યો હતો કે, "હું રોજ 'યોગશાસ્ત્ર' અને 'વીતરાગ સ્તોત્ર'નો સ્વાધ્યાય કર્યા પછી જ અન્ન-જળ લઈશ."

રોજ 'યોગશાસ્ત્ર'ના સ્વાધ્યાયને કારણે મહારાજા કુમારપાળ સાધુ-સાધ્વી અને શ્રાવક શ્રાવિકાઓના ધર્મો તથા આચારનો જાણકાર બની ગયો. 'વીતરાગ સ્તોત્ર' નો રોજનો સ્વાધ્યાયને કારણે એને વીતરાગ દેવના સાચા સ્વરૂપનું જ્ઞાન થયું. આ રીતે સ્વાધ્યાયને કારણે મહારાજા કુમારપાળની શ્રાવકધર્મ પર દૃઢ નિષ્ઠા થઇ એ પછી એણે શ્રાવકના બાર વ્રત અંગીકાર કર્યા.

રોજ સ્વાધ્યાય કરવાનું પરિણામ એ આવ્યું કે મહારાજા કુમારપાળે શ્રાવકના ચોથા વ્રત બ્રહ્મચર્ય અણુવ્રત વિશે એવી પ્રતિજ્ઞા કરી, "આજે મારી જે પત્ની છે તે સિવાયની બીજી બધી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્ત્રીઓ સાથે મૈથુન સેવનનો ત્યાગ કરું છું." આની સાથોસાથ એવી પણ પ્રતિજ્ઞા કરી કે, "રોજ પત્ની સહિત મંદિરમાં જઈને બંને જિનેશ્વર પ્રભુની આરતી કરશે."

નસીબયોગે મહારાજા કુમારપાળની પત્નીનો દેહાંત થયો. આ જગતમાં જે જન્મે છે એને એક દિવસ તો જવું જ પડે છે. મંત્રીમંડળે મહારાજા કુમારપાળને બીજી વાર લગ્ન કરવા માટે આગ્રહ કર્યો. કુમારપાળે કહ્યું, "હું તો અન્ય સ્ત્રીઓનો ત્યાગ કરી ચૂક્યો છું આથી બીજી વાર લગ્ન કરવાનો વિચાર કરવો એ પણ અપરાધરૂપ છે કારણ કે એનાથી મારી પ્રતિજ્ઞા (વ્રત) નો ભંગ થાય છે."

કુશળ મંત્રીએ ફરી સવિનય અનુરોધ કરતાં કહ્યું, "મહારાજ! રાજરાણી વિના રાજમહેલ અને રાજ્ય બંને સાવ સૂના સૂના લાગે છે. વળી આપને કોઈ સંતાન પણ નથી એટલે બીજા લગ્ન કરવા આવશ્યક છે."

મહારાજા કુમારપાળે દૃઢ અવાજે કહ્યું, "જો હું આવું કરું તો પહેલો અપરાધ એ થશે કે મેં દેવ, ગુરુ અને ધર્મની સાક્ષીએ જે પ્રતિજ્ઞા લીધી છે તેનો ભંગ થશે. બીજી વાત એ કે વિવાહ કરીશ એટલે સંતાન થશે જ એવો કોઈ અટલ નિયમ છે ખરો? જો પહેલી પત્નીથી સંતાન પ્રાપ્તિ ન થઈ તો બીજી પત્નીથી સંતાનપ્રાપ્તિ થશે એમ કઈ રીતે કહી શકાય? વળી સંતાન હોવા છતાં કોણ સુખી છે? આથી હું ક્યારેય પ્રતિજ્ઞા-ભંગ કરીશ નહિ મારો અટલ નિર્ધાર છે."

મંત્રીગણ નિરુત્તર બની ગયું. તેઓ કોઈ યુક્તિ વિચારવા લાગ્યા કે જેથી રાજાને લગ્ન માટે તૈયાર કરી શકાય. છેવટે એમણે તર્કનું એક આખરી તીર છોડયું અને કહ્યું, "મહારાજ! આપે તો દેવાલયમાં જઈને જિનદેવ સમક્ષ પત્ની સાથે આરતી ઉતારવાની પ્રતિજ્ઞા કરી હતી ને?"

"હા, પ્રતિજ્ઞા તો કરી હતી પણ તેથી શું?" રાજાએ કહ્યું.

મંત્રીગણે યુક્તિપૂર્વક કહ્યું, "પત્નીના અભાવમાં હવે આપની આ પ્રતિજ્ઞાનો ભંગ થશે તેથી પ્રતિજ્ઞા પાલન માટે પણ આપે લગ્ન કરવા જરૂરી છે."

મહારાજા કુમારપાળ એમ કંઇ પાછા પડે તેવા નહોતા. એમણે સ્પષ્ટ ઉત્તર વાળ્યો, "આને માટે લગ્ન કરવાની કોઇ જરૂર નથી. આપણે તો સ્થાપના-નિક્ષેપમાં માનીએ છીએ આથી સ્વર્ગીય રાણીની હૂબહૂ મૂર્તિ બનાવીને એને સ્થાપિત કરી દેજો, જેથી હું એની પાસે ઉભો રહીને પ્રભુની આરતી ઉતારીશ. આમ કરવાથી મારી પ્રતિજ્ઞા પણ અખંડ રહેશે અને ચોથા વ્રતનો ભંગ નહિ થાય, બલ્કે એનું દૃઢ પણે પાલન થશે."

મહારાજા કુમારપાળની દલીલ આગળ મંત્રી-મંડળ નિરુત્તર બની ગયું.

સ્વાધ્યાયના પ્રત્યક્ષ પરિણામરૂપે કુમારપાળ મહારાજાને સાચા જ્ઞાનની પ્રાપ્તિ અને બ્રહ્મચર્ય તથા અન્ય વ્રતોના પાલનમાં દૃઢતા સાંપડી હતી, પરંતુ એનું પરોક્ષ પરિણામ પણ એટલું સુંદર આવ્યું અને તે એ કે તેની ત્રીજા ભવમાં મુક્તિ નિશ્ચિત બની. શ્રી સીમંધરસ્વામીએ ત્રીજા ભવમાં કુમારપાળ મહારાજાની મુક્તિ થવાનો ફેંસલો આપ્યો. આમ સ્વાધ્યાયનું પ્રત્યક્ષ ફળ તો તત્ક્ષણ મળે છે. પરોક્ષ ફળ પણ મળ્યા વિના રહેતું નથી. જ્ઞાનના સઘળા સાધનો સુલભ હોવા છતાં જે સાધુ-સાધ્વી સ્વાધ્યાય કરતાં નથી તેમને પછીના જન્મમાં પસ્તાવાનો વારો આવે છે કારણ કે જ્ઞાન તો પર-ભવમાં પણ સાથે જ જાય છે.

'ભગવતી સૂત્ર'માં ભગવાન મહાવીરને ગણધર ગૌતમે પૂછ્યું.

"इहभविए नाणे परभविए वि?"
"गोयमा! इहभविए नाणे, परभविए वि, तदुभयभविए वि।"



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મૂરછાં પરિગ્રહ

લેખક : સ્વ. મનસુખલાલ તા. મહેતા

શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે પરિગ્રહ સંબંધમાં યોગ-શાસ્ત્રમાં કહ્યું છે કે : દુઃખના કારણભૂત અસંતોષ, અવિશ્વાસ અને હિંસાને મૂર્ચ્છાનું-પરિગ્રહનું ફળ સમજીને પરિગ્રહનો નિયમ કરવો.

તત્ત્વાર્થ સૂત્રમાં શ્રી ઉમાસ્વાતિ પરિગ્રહનું સ્વરૂપ સમજાવતાં કહ્યું છે કે : **मूर्च्छा परिग्रहः** મૂર્ચ્છા એટલે આસક્તિ નાની, મોટી, જડ, ચેતન, બાહ્ય કે આંતરિક ગમે તે વસ્તુ હો–અને કદાચ ન પણ હો–છતાં તેમાં બંધાઇ જવું એટલે તેની પાછળની તાણમાં વિવેકને ગુમાવી બેસવો, એજ પરિગ્રહ છે.

માનવીના વિકાસમાં મહત્ત્વની વસ્તુ તેનું મન છે. એટલે એનાં મનની આસક્તિ–અનાસક્તિ તેમજ ભાવનાના જે મૂલ્ય છે તેટલા મૂલ્ય બહારની એની દેખાવસૃષ્ટિના નથી. સાધુઓ વસ્ત્ર પાત્ર, કંબળ, અને રજોહરણ રાખે છે. તે સંયમ અને લજ્જાના નિવારણ અર્થે જ હોય છે, અને આવા કારણસર રાખેલી વસ્તુને શાસ્ત્રમાં પરિગ્રહ ન કહેતાં માત્ર આશક્તિ–મમતાને જ પરિગ્રહ કહેલ છે.

---

"ભગવાન! જ્ઞાન આ ભવ સુધી જ સીમિત રહે છે કે પરભવ સુધી જાય છે"

ભગવાન મહાવીરે કહ્યું, "ગૌતમ! જ્ઞાન આ ભવમાં પણ રહે છે. પરભવમાં પણ જાય છે આમ બંને ભવમાં સાથે રહે છે."

પ્રત્યેક સાધુ–સાધ્વી માટે સ્વાધ્યાય કરવો પરમ આવશ્યક છે અને ગૃહસ્થને માટે પણ તે જરૂરી છે. જે વ્યક્તિ સ્વાધ્યાય કરતી નથી એને જ્ઞાનની પ્રાપ્તિ સ્વરૂપે એનું ફળ મળે છે આથી મુક્ત મનથી સ્વાધ્યાય કરવો જોઇએ.

ઉત્તરાધ્યયન સૂત્રમાં સ્પષ્ટ રીતે કહ્યું છે કે કામ ભોગના પદાર્થો પોતે તો સમતા કે વિકાર કશું ઉપજાવતા નથી, પણ રાગ અને દ્વેષથી ભરેલો જીવાત્મા જ તેમાં આસક્ત બની મોહથી તે વિષયોમાં વિકારને પામે છે. ક્રોધ, માન, માયા, લોભ, જુગુપ્સા, અરતિ, રતિ, હાસ્ય, ભય, શોક, પુરુષવેદનો ઉદય, સ્રીવેદનો ઉદય, નપુંસકવેદનો ઉદય, વિ. ભિન્ન ભિન્ન પ્રકારના ભાવો મોહ–મૂર્ચ્છાના કારણે જ ઉત્પન્ન થાય છે. ભાવ એ મનનો વિષય છે. મનોજ્ઞ ભાવ રાગના હેતુભૂત અને અમનોજ્ઞ ભાવ દ્વેષના હેતુભૂત છે. જે તે બન્નેમાં સમભાવ રાખી શકે છે તે જ વીતરાગી છે.

મહર્ષિ ભર્તૃહરિએ કહ્યું છે કે : **न रम्यं नारम्यं प्रकृतिगुणतो वस्तु किमपि** અર્થાત્ જગતમાં કોઇ પણ વસ્તુ એવી નથી, કે જે પોતાના સ્વભાવે જ સારી યા ખરાબ હોય, સારી યા ખરાબ તો તે વસ્તુ બને છે. તેનો કેવો ઉપયોગ થાય છે તેથી, એટલે વસ્તુઓ કે પદાર્થો કોઇ વ્યક્તિ પાસે હોય તો માત્ર તેથી જ તે વ્યક્તિ પરિગ્રહી છે એમ કહેવું ભૂલ ભરેલું છે; તેમ કોઈ વ્યક્તિ પાસે કાંઈ જ ન હોય તેથી જ માત્ર તે અપરિગ્રહી છે એમ પણ એકાન્તે કહી શકાય નહિ, કારણ કે કોઈ પણ વસ્તુ સ્થૂલ સ્વરૂપમાં ન હોવા છતાં તેના મનમાં વસ્તુ પ્રત્યે મૂર્ચ્છા રાગ બેઠેલાં હોય શકે છે.

મધુ પ્રમેહના દર્દીઓ ખોરાકમાં સાકર–ગોળનો ઉપયોગ કરતા નથી, પણ તેમ છતાં સ્વાદ અર્થે સેકરીન જેવી વસ્તુનો ઉપયોગ કરે છે; આમાં સાકર–ગોળનો ત્યાગ સ્થૂલદૃષ્ટિએ હોવા છતાં સ્વાદ પ્રત્યેની મૂર્ચ્છા તો પડેલી જ છે. આવી જ રીતે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઘી, તેલ વિ વિગઇઓનો ત્યાગ કરનારાઓ પણ કપાસિયાં અગર અન્ય પદાર્થોમાંથી ઘી–તેલ જેવી બનાવટનો ઉપયોગ કરતાં જોવામાં આવે છે. આવા બધા ત્યાગ સ્થૂલ દૃષ્ટિએ ત્યાગરૂપે દેખાતા હોવા છતાં, તેની પાછળ મૂર્ચ્છા તો પડેલી જ છે, એટલે આ પ્રકારના ત્યાગ એ સાચા અર્થમાં ત્યાગ નથી પણ માત્ર ત્યાગનો આભાસ છે ત્યાગનો સંબંધ માત્ર પદાર્થો સાથે ન રહેવો જોઈએ પણ મન સાથે હોવો જોઈએ. આંતર મનમાં જ્યાં સુધી ત્યાગની ભાવના દઢ થઈ નથી ત્યાં સુધી આચારમાં તેનું સંપૂર્ણ પાલન થવું અશક્ય છે. અને તેથી જ આપણે જોઇએ છીએ કે લોકો સ્વાદની બાબતમાં વિગઈઓનો ત્યાગ કર્યો છતાં ત્યાગની અવેજીમાં સ્વાદતૃપ્તિ અર્થે અન્ય પદાર્થોનો ઉપયોગ કરે છે. પણ આવા ત્યાગના મૂલ્ય જૈન દર્શનમાં નહિવત્ છે. આપણા જ્ઞાની પુરુષોએ સાચું જ કહ્યું છે કેઃ 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના.' વૈરાગ્ય એટલે સંસાર અને જગત વિષેના સાચા સ્વરૂપના ભાનથી ઉપજેલી વિરક્તિ. તેથી ત્યાગમાં વૈરાગ્ય એ પાયા-રૂપ છે, અને પાયાની મજબૂતાઇના પ્રમાણમાં જ ત્યાગની ભવ્યતા હોય છે. બાહ્યદૃષ્ટિએ સંપૂર્ણ રીતે ભોગમાં ડૂબેલો દેખાતો માનવ આંતરદૃષ્ટિએ મહાત્યાગી પણ હોઈ શકે છે, અને આ બાબત જનક વિદેહીની નીચેની વાતમાંથી સમજી શકાય છે

જનકવિદેહી ભવ્ય રાજમહેલમાં રહેતા, રત્ન-જડિત સિંહાસને બેસતા, અને પોતાની રાણીઓ સાથે આનંદ પ્રમોદ પણ કરતા, બાહ્યદૃષ્ટિએ અન્ય રાજવીઓની માફક જ બધો વૈભવ ભોગવતા, અને તેમ છતાં ઋષિમુનિઓ પણ તેમને જનકવિદેહી કહેતા. એમના મુખ્ય પ્રધાનને તેમનો આવો બધો વૈભવ જોઇ વિચાર આવ્યો કે આવા રાજવીને વિદેહી કહી જ કેમ શકાય ? પછી તો એક દિવસે ભર રાજસભામાં જ તેણે આવો પ્રશ્ન જનકરાજાને પૂછયો રાજા પોતે આવો પ્રશ્ન સાંભળી ઘડી બે ઘડી માટે તો વિચારમાં પડયા પણ પછી પ્રધાનજીને જવાબ આપતાં કહ્યું : તમારો પ્રશ્ન બહુ ઉત્તમ છે, અને યોગ્ય વખતે તેનો સંતોષકારક જવાબ પણ મળી રહેશે.

ત્રણ ચાર માસ પસાર થયા છતાં પ્રધાનજીને તેના પ્રશ્નનો ઉત્તર ન મળ્યો, એટલે તેને લાગ્યું કે જનકરાજા આ પ્રશ્નનો ઉત્તર આપી શકે તેવું છે જ નહિ, અને તેના પ્રશ્નના ઉત્તરની વાત તે ભૂલી પણ ગયો.

તે પછી, એક દિવસે ભોજન લીધા પછી પ્રધાનજી જ્યારે આરામ લઇ રહ્યા હતા, ત્યારે જનકના ખાનગી મંત્રી આવ્યા અને રાજાનો સંદેશો આપતાં કહ્યું કે 'રાજસભાના તમામ સભ્યો અને અમલદારોનો એક ભોજન સમારંભ આજે સાંજના રાજમહેલમાં ગોઠવવામાં આવ્યો છે, અને આપને પણ તે ભોજન સમારંભમાં આવવાનું છે, પ્રધાન-જીએ આમંત્રણનો સ્વીકાર કર્યો. અને એવા આમત્રણ માટે રાજા પર આભાર માનતો પત્ર લખી મંત્રીજીને આપ્યો.

એ જમાનામાં આજના જેવા રેડીઓ, ટેલીફોન કે દૈનિક પેપરો ન હતાં, એટલે પ્રજાને કાંઇ સંદેશો આપવો હોય તો ઢોલ અને ઢોલી દ્વારા તે અપાતાં પ્રધાનજી આરામ લઈ ત્રણ વાગે ઉઠયાં ત્યારે રાજ્યનો ઢોલી ઉભો બજારે સાદ પાડતો હતો, અને પ્રધાને અટારી ઉપર આવી સાંભળ્યું કે 'રાજ્ય મહેલમાં આજે સાંજે ગોઠવેલો ભોજન સમારંભ પૂરો થયા બાદ આપણા મુખ્ય પ્રધાનને મહેલની પાછળના ઉદ્યાનમાં શૂળી પર ચઢાવવાના છે.

પ્રધાન તો આ સાંભળીને સ્તબ્ધ થઈ ગયા. પોતાની પત્ની અને પુત્રોને બોલાવી તેમને બધી ભલામણ કરી અને કહ્યું કે એક મૂર્ખાઈ ભરેલો પ્રશ્ન રાજાને પૂછવાના કારણે તેને શૂળીએ ચઢવાનો વખત આવ્યો. સાંજનાં સોગિયું મોઢું લઈ પ્રધાન ભોજન સમારંભમાં ગયા, અને રાજાના પાટલાની પડખેજ પ્રધાનજીનો પાટલો રાખવામાં આવ્યો હતો. બત્રીસ જાતનાં ભોજન અને છત્રીસ જાતના શાક પીરસાઇ રહ્યાં, એટલે રાજાએ સૌના સાંભળતાં પ્રધા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નજીને ભોજન શરૂ કરવાની આજ્ઞા કરી. પ્રધાનને તો ભોજન પદાર્થોમાં શું સ્વાદ આવે ? કારણ કે જીવનનું એ અંતિમ ભોજન હતું, અને ભોજન બાદ તો તુરત મરણને શરણ થવાનું હતું. છતાં જનક રાજાએ પ્રધાનને પૂછયું : બોલો પ્રધાનજી! આજની રસોઇનો સ્વાદ કેવો લાગે છે ? બધા મહેમાનો પ્રધાન શું જવાબ આપે છે એ સાંભળવા આતુર હતા, ત્યાં તો પ્રધાનજીએ કહ્યું : સાચું પૂછો તો નામદાર! આ ભોજન મને ઝેર જેવું લાગે છે, મારૂં ચિત્ત ભોજન પદાર્થો કે તેના સ્વાદમાં નથી. પણ ઘડી બે ઘડી બાદ આવવાના મૃત્યુમાં ચોંટેલું છે.

મુખ્યપ્રધાનના આ દુ:ખનો પડઘો બધા મહેમાનોનાં મોઢાં પર જોઈ શકાતો હતો. જનક રાજાના આવાં વિચિત્ર પગલાં પાછળ રહેલાં ગૂઢ રહસ્યની કોઇને જાણ ન હતી. જનક વિદેહી પ્રધાનનો ઉત્તર સાંભળી જમતાં જમતાં તરત ઉભા થયા અને બધા મહેમાનોને ઉદ્દેશી બોલ્યા : સજ્જનો ! થોડા દિવસો પહેલાં પ્રધાનજીએ લોકો મને ભોગો ભોગવતાં છતાં વિદેહી તરીકે કેમ ઓળખે છે ? એવો પ્રશ્ન પૂછયો હતો, અને તેમના એ પ્રશ્નનો ઉત્તર તો હમણાં જ તેમણે આપેલા જવાબમાંથી મળી જાય છે, છતાં વધુ સ્પષ્ટ કરવા ખાતર કહું કે આપણા પ્રધાનજીને ઘડી બે ઘડી પછી મૃત્યુ થશે એમ જાણીને ભોજન પદાર્થમાંથી રસ ઉડી ગયો તેમ જીવન ક્ષણભંગુર છે એમ સમજી મૃત્યુને હરહંમેશ હું મારી સામે રાખી માત્ર કર્તવ્ય પાલન અર્થે આ જગતમાં રહું છું, એટલે એ ભોગોમાં મારૂં ચિત્ત નથી, અને અલિપ્તભાવે ભોગો ભોગવું છું તેથી જ લોકો મને વિદેહી તરીકે ઓળખે છે. પ્રધાનજીને શૂળીએ ચઢાવવાની જાહેરાત તો માત્ર આ પ્રશ્નનો ઉત્તર સમજાવવા અર્થે કરી હતી, કારણ કે આમ કર્યા સિવાય આ પ્રશ્નનો ઉત્તર સમજી શકાય તેમ ન હતું.

ભોગો ભોગવતાં જનકરાજાની માફક જે અલિપ્ત ભાવે રહી શકે, તે અપરિગ્રહી છે, કારણ કે તેમાં મૂર્છાનો અભાવ છે. આજ રીતે, સંસારના ભોગોના ત્યાગ કરી યોગીની માફક ધ્યાન મગ્ન રહેવા છતાં મોહ અને રાગમાં લપટાઇ જવાય છે, તેનો રાજર્ષિ પ્રસન્નચંદ્રનો દાખલો પણ જૈન શાસ્ત્રોમાં સુપ્રસિદ્ધ છે.

શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ આ પાંચે ઇન્દ્રિયોના વિષયો છે, અને તેનો સંબંધ માનવીના મનની સાથે છે જે મનુષ્ય રાગ કે દ્વેષને આધીન થયા સિવાય આ વિષયો વચ્ચે અલિપ્ત ભાવે રહી શકે તે શોક રહિત જીવન જીવી શકે છે; અનેઆવો માનવ, કમળ પત્ર જેમ જળથી લેપાતું નથી, તેમ આ સંસારની વચ્ચે રહેવા છતાં દુ:ખોની પરંપરાથી લેપાતો નથી.

## સંસાર–ચક્ર

સંસારમાં સુખ-દુ:ખનું ચાલતું યુદ્ધ એ આપણા જીવનની સતત ચાલતી પ્રક્રિયા છે માનવ–જીવનનું એ અવિભાજ્ય અંગ છે. જન્મનો સ્વીકાર કરીને આપણે જેમ મૃત્યુને અવગણી શકતા નથી તેમ સુખનો સ્વીકાર કરીને દુ:ખને અવગણી શકતા નથી.

સુખ અને દુ:ખ, પુણ્ય અને પાપ, સત્ય અને અસત્ય, ગતિ અને સ્થિતિ ઇત્યાદિ ચક્રોમાં જ આપણું જીવન વહેતું હોય છે.

જીવનના આ ચક્રોનો આપણે પરિચય કેળવીએ અને એમને બરાબર ઓળખી લઈએ તો સાચી શાંતિ મેળવવામાં એ મદદરૂપ થશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તીર્થંકરોના જન્મ સમયે

## (ભાગ-૧)

લેખક : રતિલાલ માણેકચંદ શાહ-નડીયાદ

તીર્થને કરે તે તીર્થંકર, તીર્થનું કામ જગતના જીવોને ભવસાગરથી પાર ઉતારી મોક્ષમાં પહોંચાડવાનું. માટે 'તારે તે તીર્થ' અહીં તીર્થ એટલે ધર્મતીર્થ સમજવાનું. આ અવસર્પિણીમાં ઋષભદેવથી માંડી મહાવીરસ્વામી સુધી ચોવીસ તીર્થંકર થયા. તે પૂર્વે પણ અનંતા તીર્થંકરો થયા. પાંચ ભરત અને પાંચ ઐરાવત ક્ષેત્રોમાં તો હજુ અમુક અમુક સમયે તીર્થંકરોનો વિરહ પડે, પરંતુ પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં તો કદીયે તીર્થંકરોનો વિરહ ન પડે, ત્યાં તો સદાકાળ તીર્થંકરો હોય જ. ઓછામાં ઓછા ૨૦ તીર્થંકરો તો ત્યાં સદા હોય જ. જ્યારે પાંચે ભરત, પાંચે ઐરવત અને પાંચે મહાવિદેહની ૧૬૦ વિજયોમાં બધે જ તીર્થંકરો હોય ત્યારે વધુમાં વધુ એક સાથે ૧૭૦ તીર્થંકરો આ મનુષ્યલોકમાં હોય. આ તીર્થંકરો પ્રવાહની અપેક્ષાએ અનાદિ અનંત છે. માટે મોક્ષમાર્ગ પણ અનાદિ અનંત છે. અને એ મોક્ષ માર્ગની આરાધના કરનારો આત્મા પણ અનાદિ અનંત છે મોક્ષમાં ગયેલા જીવો પણ અનાદિ અનંત છે અને ખુદ મોક્ષનું સ્થાન પણ અનાદિ અનંત છે. અર્થાત્ કોઈ કાળે મોક્ષનું સ્થાન અને મોક્ષના જીવો નહોતા અને નહીં હોય એવું નથી. અનાદિકાળથી મોક્ષમાં જીવોનું જવાનું ચાલુ જ છે અને અનંતકાળ સુધી ચાલુ જ રહેવાનું છે મોક્ષના દરવાજા સદા ખુલ્લા જ રહે છે. ઓછામાં ઓછા છ મહિને એક ભવ્ય જીવ તો અવશ્ય મોક્ષે જઇ શકે.

આ બધા જ તીર્થંકરોનો ઉપદેશ એક સરખો હોય છે કારણ કે બધા જ તીર્થંકરો પૂર્ણજ્ઞાન (કેવળજ્ઞાન) પ્રગટ થયા પછી જ ઉપદેશ આપવાનું કામ કરે છે. તેથી પૂર્ણ જ્ઞાનીઓના કથનમાં (ઉપદેશમાં) ફરક ન પડે. કેવળજ્ઞાનમાં જેવી વિશ્વની અને વિશ્વના પદાર્થોની સ્થિતિ (સ્વરૂપ) જોઇ તે પ્રમાણે તીર્થંકરોએ જગતને બતાવી, તેથી તેઓ યથાર્થજ્ઞાતા, યથાર્થદૃષ્ટા અને યથાર્થ વક્તા કહેવાય છે. માટે ભૂતકાલીન, વર્તમાનકાલીન અને ભવિષ્યકાલીન તમામ તીર્થંકરોના સિદ્ધાંતો, આચારમાર્ગ, તત્ત્વ વ્યવસ્થા, ચતુર્વિધ સંઘની સ્થાપના, નિત્ય સવાર-સાંજ બે પ્રહર દેશના આપવી, સમાવસરણની રચના, બારપર્ષદા, ચોત્રીસ અતિશયો, વાણીના પાંત્રીસ ગુણો, રૂપ, તેજ, પ્રભાવ, ઐશ્વર્ય, બળ, બુદ્ધિ, પુણ્યાઈ, સૌભાગ્ય, યશ, દેવ-દેવેન્દ્રોથી પૂજાવું વગેરે બધું સરખું હોય છે. માત્ર તે તીર્થંકરોના સમયના માનવો, દેશકાળ પ્રમાણે ક્યાંક ક્યાંક માત્ર બાહ્ય આચારમાં ફરક પડે, પણ વસ્તુતઃ ફરક નથી હોતો સ્યાદ્વાદનો સિદ્ધાંત, મોક્ષમાર્ગ, કર્મવાદ, આત્મસ્વરૂપ, મોક્ષ સ્વરૂપ, પાંચ કારણવાદ, વ્રતો, મહાવ્રતો, નવકારમંત્ર વગેરે બધું જ એક સરખું હોય છે તીર્થંકર, તીર્થંકર વચ્ચે ફરક પડે તો માત્ર જન્મભૂમિની બાબતમાં, માત-પિતા પરિવારની બાબતમાં, શરીરની ઉંચાઈની બાબતમાં, શરીરના રંગ (વર્ણ)ની બાબતમાં. આયુષ્યની બાબતમાં, ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ સમયની બાબતમાં, ચારિત્ર પર્યાય અને કેવળજ્ઞાન પર્યાયની બાબતમાં, તપશ્ચર્યાની બાબતમાં, છદ્મસ્થપણામાં ઉપસર્ગો થવાની બાબતમાં, સાધુ-સાધ્વીઓના પરિવારની સંખ્યાની બાબતમાં, શ્રાવક-શ્રાવિકાના પરિવારની સંખ્યાની બાબતમાં ફરક પડે, વધુમાં કોઈ તીર્થંકરો નરકમાંથી આવીને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તીર્થંકર થાય તો કોઈ તીર્થંકરો વૈમાનિક દેવલોકમાંથી આવીને તીર્થંકર થાય.

બાકી બધાજ તીર્થંકરો માતાના ગર્ભમાં આવે ત્યારથીજ ઇન્દ્રોના પૂજિત હોય છે. નિર્મળ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનથી યુક્ત હોય છે, જ્ઞાનગભિત વૈરાગ્યવાળા હોવ છે, માતાના ગર્ભમાં રહેવા છતાં તેઓના પુણ્યના પ્રભાવે માતાને જરાય કષ્ટ થતું નથી, માતાને પેટ વધતું નથી, અને જ્યાં ગર્ભમાં આવે તે રાત્રે માતા નિર્મળ ચૌદ મહાસ્વપ્નો જુએ છે. આ બધો પ્રભાવ માતાના ગર્ભમાં આવનાર તીર્થના પુણ્યનો હોય છે તીર્થંકરની અને ચક્રવર્તીની માતાઓ, તીર્થંકરનો જીવ કે ચક્રવર્તીનો જીવ ગર્ભમાં આવે ત્યારે ચૌદ મહાસ્વપ્નો જુએ છે. સામાન્યથી ૮ થી ૯ મહિના ગર્ભમાં રહ્યા પછી તીર્થંકરનો મધ્યરાત્રીને વિષે જ્યારે આકાશમાં સર્વ ગ્રહો ઉચ્ચસ્થાને હોય ત્યારે જન્મ થાય છે. તીર્થંકરના જન્મ વખતે જન્મ આપનાર જનેતાને જરાયે પ્રસુતિની પીડા થતી નથી. જન્મ થતાં જ તારક તીર્થંકર ભગવાનના અદ્ભુત પુણ્યના પ્રભાવે પાતાલલોકમાં રહેનારી સ્વર્ગની મહારાણીઓ સરખી છપ્પન દિક્કુમારીકાઓના અચળ એવા સિંહાસનો ચલાયમાન થાય છે તેથી તે સ્વર્ગની મહારાણીઓ, પોતાના અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકે છે અમારા સિંહાસનો ચલાયમાન કેમ થયા ?

તુરત જ પોતાના જ્ઞાનમાં જણાય આવે છે કે, અહો ! ત્રણ ભુવનના તારણહાર તીર્થંકર ભગવાનનો હમણાં જન્મ થયો છે, માટે તેઓનું સૂતિકાકાર્ય કરવા અને ભગવાનનું દર્શન કરવા ચાલો અબઘડી જલદીએ પોતપોતાના પરિવાર સાથે રુમઝુમ રુમઝુમ કરતી ભક્તિથી હર્ષઘેલી બનેલી કરોડો માઇલથી દોડી આવે છે.

આવીને પ્રથમ તો ભગવાનની માતા ભગવાનને ભાવપૂર્વક પ્રણામ કરે છે. પ્રણામ કરી તે ભગવાનની માતાને કહે છે કે, હે રત્નકુક્ષી ! અમે સ્વર્ગ લોકમાં રહેનારી દેવીઓ છીએ અને આ તમારા જગત ઉદ્ધારક પુત્રનો જન્મ થયેલો અમારા જ્ઞાનથી જાણીને અમે પ્રભુનું અદ્ભૂત અને અનુપમરૂપ જોવા અને સૂતિકાકર્મ કરવા આવેલા છીએ, આપ ખરેખર સકલ માતાઓમાં સર્વશ્રેષ્ઠ પુણ્યવંતા છો! જેથી આવા ત્રણ ભુવનના તારણહાર પુત્રને જન્મ આપ્યો છે. પછી આ સ્વર્ગમાંથી આવેલી આ છપ્પન મહાદેવીઓ પ્રથમ ત્યાં પ્રભુના જન્મ સ્થાને સૂતિકાગૃહ બનાવે છે, ત્યારબાદ સૂતિકાગૃહથી ચાર ગાઉ દૂર સુધી ચારે તરફ જમીનને સંવર્તક વાયુ વડે શુદ્ધ કરે છે, પછી તે શુદ્ધ થયેલી ભૂમિ પર સુગંધી જળ તથા પુષ્પોની વૃષ્ટિ કરે છે, કેટલીક દેવીઓ પ્રભુનું મનોહર મુખડું જોવા માટે દર્પણ ધરે છે, તો કેટલીક દેવીઓ સ્નાન માટે જળ ભરેલા દેદીપ્યમાન કળશો હાથમાં લઈને ભગવાનના ગુણગાતી ઊભી રહે છે, તો કેટલીક દેવીઓ પ્રભુને અને પ્રભુની માતાને પવન નાખવા માટે હાથમાં પંખો ધારણ કરી ઉભી રહે છે, તો કેટલીક દેવીઓ પ્રભુને અને પ્રભુની માતાને દિવ્ય ચામર વીંજે છે, વળી કેટલીક દેવીઓ હાથમાં દીપક લઈ ઊભી રહે છે, તો કેટલીક દેવીઓ રત્ન પીઠ બનાવીને દુર્વાથી બાંધે છે, તો કેટલીક દેવીઓ કેળના ત્રણ ઘર બનાવે છે. પછી આ સ્વર્ગમાંથી આવેલી ૫૬ મહાદેવીઓ ત્યાં સુંદર રમણીય સિંહાસન સ્થાપીને પ્રભુને અને પ્રભુની માતાને તેના ઉપર બેસાડે છે. બેસાડીને સુગંધીદાર તેલનું મર્દન ( માલીસ ) કરે છે, પછી પવિત્ર અને સુગંધી જળ વડે પ્રભુને સ્નાન કરાવી, સુગંધી વિલેપન કરીને સુંદર વસ્ત્રો અને કિંમતી દિવ્ય આભૂષણો પહેરાવે છે. વળી કેટલીક દેવીઓ પ્રભુની માતાને હાથે રક્ષા પોટલી બાંધે છે પછી પોતપોતાની દિશામાં ઉભી રહીને ભાવિ તારક તીર્થંકરના ગુણગાન ગાય છે અને થૈ, થૈ નાચે છે, આ છપ્પન દિક્કુમારીઓને દરેકને ૪, હજાર તો સામનિક દેવોનો સોળહજાર અંગરક્ષક દેવો વગેરેનો વિશાળ પરિવાર હોય છે. આ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દિક્કુમારીઓ પાતાલમાંથી આવે ત્યારે નોકર દેવો એ બનાવેલા ખાસ વિમાનમાં બેસીને પ્રભુના જન્મ સ્થાને આવે છે. અને પોતાના યોગ્ય પ્રભુની ભક્તિ કરીને પુનઃ પાતાલ લોકમાં ચાલી જાય છે.

આ તારક તીર્થંકરોનો જન્મ હંમેશા ક્ષત્રિય રાજવંશી કુલમાંજ થાય છે. સર્વ શ્રેષ્ઠ પુણ્યને ધારણ કરનારા આ તારક તીર્થંકરોનું રૂપ ત્રણે ભુવનમાં અદ્ભુત અને અનુપમ હોય છે, તેજ, પરાક્રમ, બળ, બુદ્ધિ અને સૌભાગ્યનો તો કોઇ પાર નથી હોતો. આ તારક તીર્થંકરને જન્મથી જ શરીરમાં ૧૦૦૮ સુંદર લક્ષણો હોય છે. તેઓ માતાનું સ્તનપાન કરતા નથી, પણ ઇન્દ્રે ભગવાનના અંગૂઠામાં મૂકેલું અમૃત તેને પ્રભુ ભૂખ લાગે ત્યારે ચૂસે છે. જન્મથીજ આ તીર્થંકર ભગવાનની કાયા સાવ રોગ રહિત હોય છે. તેઓને કદી પરસેવો કે મેલ ન થાય, નિર્મળ, નીરોગી, કંચનવર્ણી સર્વાંગ સુંદર તેઓની કાયા હોય છે. તેઓના શરીરમાં રહેલાં લોહી, માંસ ગાયના દૂધ જેવા સફેદ અને સ્વચ્છ હોય છે. શ્વાસોશ્વાસ કમળ જેવા સુગંધી હોય છે. જન્મથી જ આ તારકો જિતેન્દ્રિય, ધીર, વીર અને ગંભીર હોય છે. પૂર્વના ત્રીજા ભવથી જગતના જીવમાત્રને શાસન રસિક બનાવવાની સર્વશ્રેષ્ઠ ભાવના લઇને આવેલા છે, તે ભાવનાને સાકાર બનાવવા માટે યોગ્ય સમયની રાહ જોઈ રહેલા હોય છે. 'હું તરું અને જગતને તારું' આ એક જ તાલાવેલી અને તાન તેઓને હોય છે.

સ્વર્ગની દેવીઓ ભગવાનની ભક્તિ કરી ગઇ તો સ્વર્ગના ઇન્દ્રો શું કામ બાકી રહી જાય? તેથી પ્રથમ દેવલોકનો સૌધર્મ નામનો ઇન્દ્ર પણ પોતાનું સિંહાસન ચલાયમાન થવાથી જાણ્યું કે, ત્રિભુવન તારક પ્રભુનો જન્મ થયો છે તેથી ભક્તિ ભર્યા હૃદયે તુરત પાલક નામના વિમાનમાં બેસીને જ્યાં પ્રભુનો જન્મ થયો છે ત્યાં આવીને પ્રભુ અને પ્રભુની માતાને પ્રણામ કરે છે અને પ્રભુની માતાને ઇન્દ્ર કહે છે કે, જગદીપકને જન્મ આપનારી માતા તું તો ખરેખર જગતની માતા છે અમે તારા મહાન પુણ્યવંતા જગદઉદ્ધારક પુત્રનો જન્મોત્સવ કરવા આવેલા છીએ પછી માતાને અવસ્વાપિણી નામની નિંદ્રા આપીને પ્રભુને પાંચ રૂપ પોતાના બનાવીને સોનાના લાખ યોજન ઉંચા એવા મેરૂ પર્વત પર લઈ જાય છે, ત્યાં બીજા ૬૩, ઇન્દ્રો અને અસંખ્ય દેવ-દેવીઓના વૃન્દ મલીને મોટા સમારોહપૂર્વક સર્વ શક્તિ રેડીને આ તાજા જન્મેલા તારક તીર્થંકર ભગવાનનો ખૂબ જ ઉત્સાહ અને ઉમંગથી જન્માભિષેક મહોત્સવ કરે છે. પછી ઇન્દ્ર પોતે ભગવાનને ખૂબ જ બહુમાનથી પાછા લાવીને માતા પાસે મૂકી જાય છે ભગવાનને રમવા માટે દિવ્ય દડો મૂકી જાય છે આ તારક તીર્થંકર ક્રમશઃ યૌવન વયમાં આવે છે. જો તેઓને ભોગાવલી કર્મ ભોગવવાનું બાકી હોય તો રાજકન્યા સાથે લગ્ન કરે છે. જેઓને ભોગાવલી કર્મ ભોગવાઈ ગયેલું હોય તે તીર્થંકરો બ્રહ્મચારી જ રહે છે. દા. ત.: વર્તમાન ચોવીશીમાં ઓગણીસમાં મલ્લીનાથ અને બાવીસમાં નેમનાથ તીર્થંકરોએ લગ્ન કર્યા ન હતા. બ્રહ્મચારી જ રહ્યાં હતા.

આ તારક તીર્થંકરો નિયમા સંસારના તમામ સંબંધો છોડીને દીક્ષા જ લેનારા હોય છે. જન્મ-જરા-મરણ-રોગ-શોકાદિ સકલ દુઃખોના અદ્વિતીય ઔષધ તરીકે દીક્ષાને માનનારા હોય છે, કર્મશત્રુને સખત સજા કરનાર તરીકે દીક્ષાને જ માને છે દીક્ષા સિવાય સકલ દુઃખો સદા માટે ન જ જાય એવું દૃઢ પણે તેઓ માને છે.

મોહ, મમતા અને કર્મના બંધન દીક્ષા વિના ન તૂટે એવું દૃઢ પણે તેઓ માને છે. માટે તેઓ કર્મના બંધન તોડવા માટે સંસારના ત્યાગને અનિવાર્ય માને છે દીક્ષાનો સમય પોતાના દિવ્ય જ્ઞાનથી પોતે જાણે છે. છતાં બ્રહ્મદેવલોકના વાસી લોકાંતિક દેવો આવીને આ તીર્થંકરોને ધર્મતીર્થ પ્રવર્તાવવા માટે બે હાથ જોડીને વિનંતિ કરે છે દીક્ષા લેતાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પહેલાં એક વર્ષ સુધી સવારે રોજ ૧, કરોડ અને ૮, લાખ સોનૈયાનું દાન આપે છે, એમ એક વર્ષમાં કુલે ૩, અબજ ૮૮, કરોડ અને ૮૦, લાખનું સોનૈયાનું દાન યાચકોને આપીને આ દુનિયા પર સળગી રહેલા દુઃખ અને દારિદ્રતાના દાવાનળ તેને આ વર્ષીદાન રૂપી પુષ્કારવર્ત મેઘની વૃષ્ટિ કરીને બૂઝવી નાખે છે.

વર્ષીદાન આપીને આ તારક તીર્થંકરો તમામ સાવધ, સ્વજનો, સુવર્ણ સગવડો, સુખો વગેરેનો જીવ જીવન માટે ત્યાગ કરીને દીક્ષા લેવા માટે તૈયાર થાય છે, આ તારક તીથંકરોની દીક્ષાનો મહોત્સવ કરવા ખુદ સ્વર્ગમાંથી ઇન્દ્રો અને દેવ-દેવીઓ આવે છે નગરનો પણ મોટો માનવ મહેરામણ આ દીક્ષા મહોત્સવ જોવા ભેગો થાય છે. દેવો રચિત વિશાળ પાલખીમાં બેસીને આ તીર્થંકરો દીક્ષા માટે નગરમાંથી બહાર નીકળે છે, દેવતાઇ વાજિંત્રોના અવાજથી આખું નગર ગાજી ઉઠે છે. ભગવાનની દીક્ષાની પાલખીને ઉપાડવા માટે ઇન્દ્રો પડાપડી કરે છે. આવા પ્રકૃષ્ટ પુણ્યના સ્વામી તારક ભગવાનની ભક્તિ કરવાનું સૌભાગ્ય કયાં મળે ? એવું આ સ્વર્ગના દેવો માનતા હોય છે. આવા તારકોની ભક્તિ જેઓને મલી, તેઓનો તો બેડો પાર થઈ ગયો સમજવો, અંતે આ તારકોની દીક્ષાનો દિવ્ય વરઘોડો નગરની બહાર ઉદ્યાનમાં આવે છે. ઇન્દ્રો ભગવાનની પાલખીને નીચે મૂકે છે. ભગવાન તીર્થંકરો સ્વયં પાલખીમાંથી ઉતરીને પોતાના સુંદર વસ્ત્રો અને અલંકારો ઉતારી નાખે છે, દાઢી-મૂછ અને મસ્કતના કેશનો લોચ કરે છે, પંચ મુષ્ટિથી કેશ હાથથી ખેંચી કાઢી નાખે છે અને પછી સિદ્ધ ભગવંતોની સાક્ષીએ આ તારક-તીર્થંકરો ભીષ્મ પ્રતિજ્ઞા કરે છે કે, યાવજ્જીવ મન-વચન અને કાયાથી હું કોઈ હિંસાદિ પાપ જાતે કરીશ નહિ, બીજા પાસે કરાવીશ નહિ અને પાપ કરનારાઓને સારા માનીશ નહિ આવી સર્વ સાવધના (સર્વપાપના) ત્યાગની જાવજ્જીવ માટે પ્રતિજ્ઞા કરીને દીક્ષાનો સ્વીકાર કરે છે. પ્રતિજ્ઞા એ તો પાપરૂપી પિશાચોને પડકાર રૂપ છે, પ્રતિજ્ઞાથી જીવનમાં પાપો પ્રવેશી શકતાં નથી. આવી પ્રતિજ્ઞા કર્યા સિવાય તો પરમ પદ ઘણું દૂર છે. સાત્વિક મનના માનવીઓજ આવી ભીષ્મ પ્રતિજ્ઞાઓનું પવિત્ર પાલન કરી શકે છે.

આ તીર્થંકરો દીક્ષાનો સ્વીકાર કરે ત્યારે એક દેવ દૂષ્ય ઇન્દ્ર ભગવાનના ખભા પર મૂકે છે. તે અમુક વખત સુધી ભગવાનના ખભા પર રહે છે, પછી કયાંક આ દેવ દૂષ્ય પડી જવાથી આ તારકો વસ્ત્ર રહિત રહે છે.

(ક્રમશઃ)

## તપ કા અર્થ

સિર્ફ શરીર કો સુખાને કા નામ હી તપ નહીં હૈ ।
શરીર કે સાથ જો અપરાધ કરને વાલે રાગદ્વેષ હૈ
ઉનકો સુખાને કી જરૂરત હૈ ઔર તપકા સહી અર્થ
ભી યહી હૈ ।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રૂપ-અરૂપ

લેખક : સ્વ મનસુખલાલ તારાચંદ મહેતા

સનત્ કુમાર ચક્રવર્તીને છ ખંડનો વૈભવ પ્રાપ્ત થયો હતો છખંડના ક્ષેત્રમાં વસતા સમસ્ત માનવોનુ જેટલું બળ હોય તેના કરતાં અનેકગણું બળ ચક્રવર્તીની ભૂજામાં હોવાનુ કહેવાય છે. પરંતુ સનત્ કુમારને જેવું બળ પ્રાપ્ત થયું હતું તેવું અદ્ભુત રૂપ લાવણ્ય પણ પ્રાપ્ત થયા હતા. તેના અંતઃપુરમાં અનેક રાણીઓ હતી, પણ સુનંદા તે સૌમાં મુખ્ય હતી.

મનુષ્ય લોકમાં જે રૂપ ન સંભવી શકે એવા સનત્ કુમારના રૂપની પ્રશંસા એક સમયે ઇન્દ્રસભામા ઇન્દ્રમહારાજે કરી, એટલે બે દેવોને તેનું રૂપ જોઈ આવવાની ઇચ્છા થઈ બંને દેવો વૃદ્ધ મનુષ્યનું રૂપ ધારણ કરી સનત્ કુમારના રાજમહેલમાં દાખલ થયા, સનત્ કુમાર એ વખતે પોતાના અંગ ઉપર તેલનું મર્દન કરાવી સ્નાનગૃહમાં જવાની તૈયારી કરતા હતા. બંને દેવો સનત્-કુમારના ખુલ્લા દેહની ભવ્યતા, કાંતિ અને અલૌકિક રૂપ જોઈ દિગ્મૂઢ થયા અને તેઓને લાગ્યું કે ઇન્દ્રમહારાજની પ્રશંસા ખરેખર યથાર્થ હતી. સનત્ કુમારે બંને વૃદ્ધજનોને આવવાનું પ્રયોજન પૂછતા દેવોએ પોતાના સાચા સ્વરૂપની વાત કહી તેમજ દેવલોકમાંથી તેમનું રૂપ નિહાળવા આવ્યા છે એ હકીકત જણાવી. પોતાના રૂપની પ્રશંસા ઇન્દ્રસભામાં પણ થાય છે અને દેવો તેનું રૂપ જોવા આવે છે એ વાત જાણી સનત્ કુમારને પોતાના રૂપનુ અભિમાન થયું. રૂપના અભિમાનમાં ચક્રવર્તીએ બંને દેવોને કહ્યું : 'હમણાં તો હું સ્નાન કરવા જવા માટેની તૈયારી કરી રહ્યો છું, એટલે તમને મારા સાચા રૂપનો ખ્યાલ નહીં આવી શકે; પણ મારૂં ખરૂં રૂપ જોવું હોય તો હું મારા દેહ પર સુશોભિત વસ્ત્રો અને અલંકારો ધારણ કરી જ્યારે રત્નજડિત સિંહાસન પર રાજસભામાં બેઠો હોઉં ત્યારે પધારજો.'

ચક્રવર્તી સનત્ કુમારના આ શબ્દોમાં તેના રૂપનું અભિમાન હતું. ઉત્તમજાતિ, વધુ પ્રમાણમાં કોઇ લાભ, ઉત્તમ કુલ, ઐશ્વર્ય, બલ, તપશ્ચર્યાની શક્તિ, વિશિષ્ટ જ્ઞાન અને સુંદર રૂપ એ પૈકી કોઈ પણ બાબતના અંગે જ્યારે માનવીમાં અભિમાન જાગ્રત થાય છે, ત્યારે આત્માને તે તે ભાવોની હીનતા પ્રાપ્ત થતા વાર લાગતી નથી. આ બધી વસ્તુઓ સંધ્યાના રંગ જેવી અસ્થિર અને વિચલિત હોય છે અને તેમાં પરિવર્તન થતાં કશી વાર લાગતી નથી

તે વખતે દેવો તો રાજમહેલમાંથી ચાલી ગયા. તે પછી સનત્ કુમારે સ્નાનાગારમાં જઇ સ્નાન કર્યું. અને સુશોભિત વસ્ત્રો તેમજ હીરા, મોતી અને માણેકનાં આભૂષણો ધારણ કરી રાજસભામાં જઇ સિંહાસન ઉપર આરૂઢ થયા, તેના મસ્તક ઉપર છત્ર અને ચામર વીંઝાવા લાગ્યા અને બરોબર તે સમયે પેલા બંને દેવો રાજસભામાં જઇ પહોંચ્યા. અવધિજ્ઞાનની મદદ વડે દેવોએ સ્નાનાગારમાં જતી વખતના અને સિંહાસન પર આરૂઢ થયેલા સનત્-કુમારના રૂપમાં આસમાન-જમીન જેવો તફાવત જોયો. તેઓએ જોયું કે સ્નાનાગારમાં જતી વખતે સનત્ કુમારનું શરીર નિરોગી અને તન્દુરસ્ત હતુ જ્યારે સિંહાસન પર આરૂઢ થયેલા સનત્ કુમારનું શરીર ભયજનક રોગોના કારણરૂપ એવા અનેક ઝેરી જંતુઓથી ઘેરાઇ ગયુ હતું.

માનવ શરીર બારે વિચિત્ર છે. શરીર સાધના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંબંધથી પવિત્ર વસ્તુઓનો અપવિત્ર બની જતાં વાર લાગતી નથી. દેહના રૂંવેરૂંવે જાતજાતના રોગોના સૂક્ષ્મ જંતુઓ સુપ્તદશામાં પડેલાં જ હોય છે તેનો ઉપદ્રવ કઈ ઘડીએ અને કઈ રીતે શરૂ થશે તે કહી શકાતું નથી દેહની આવી વિચિત્રતા અને તેની આવી સ્વાભાવિક પ્રકૃત્તિના કારણે રૂપનું અભિમાન કરવું તે પામરતા અને મૂર્ખાઈ છે. જ્ઞાની પુરુષોએ સાચું જ કહ્યું છે કે દેહ પર જેને મમત્વ છે તે જીવ સંસારથી કદાપિ છૂટી શકતો નથી.

સનત્ કુમારે ધારેલું કે દેવો તેનું તે સમયનું રૂપ જોઈ પ્રસન્નતા પામશે. પણ પ્રસન્નતાને બદલે દેવોના મુખ પર જ્યારે ખિન્નતા દેખાણી ત્યારે તેણે તેનું કારણ પૂછયું, દેવોએ ગંભીર બની જઈ કહ્યું: 'રાજન્ ! તમારું રૂપ અત્યારે વિકૃત બની ગયું છે. તમારા સર્વોત્કૃષ્ટ રૂપની જગ્યાએ અત્યારે વિરૂપતા છવાઈ ગઈ છે. તમારા શરીરમાં અનેક રોગોના જંતુઓ ઉત્પન્ન થઈ ગયા છે.'

સનત્ કુમાર એ વખતે તાંબૂલનો સ્વાદ લઈ રહ્યા હતા અને તેની ખાતરી અર્થે દેવોએ તેના પાસે થૂંકદાનીમાં પીચકારી કરાવી. થૂંક પર એક બે માખીઓ બેઠી કે તુરત જ મૃત્યુ પામી. થૂંકની અસહ્ય દુર્ગંધથી દેવોના કથનની સત્યતા માટે રાજાને પણ ખાતરી થઇ. પુદ્ગલની હાનિવૃદ્ધિ ઉપર ખેદ, ખિન્ન કે રાજી થવાનું હોય નહીં, પણ તેમ છતાં આવી પરિસ્થિતિ જોઇ સનત્ કુમાર ચક્રવર્તીને અસહ્ય આઘાત થયો અને તે સ્તબ્ધ થઈ ગયો. રૂપ, બળ અને દેહ વિશેનો તેનો ગર્વ ગળી ગયો અને કાયાની માયાનો નાશ થઇ ગયો.

સનત્ કુમારને ભાન થઈ ગયું કે જીવન પાણીના પરપોટા જેવું ચંચલ છે, સત્તા અને લૌકિક સુખના બધાં સાધનો અભ્રાના રંગ જેવા અસ્થિર છે અને શરીર પણ છેવટે વિનાશ પામવાના સ્વભાવવાળું છે. રોગ અને મૃત્યુના ભયમાંથી આ જગતનું કોઇ પણ પ્રાણી મુક્ત નથી સામાન્ય માનવી હોય કે ચક્રવર્તી, પણ આ નિયમ તો સૌને એક સરખો લાગુ પડે છે.

સનત્ કુમારને આ નાનકડા બનાવમાંથી સંસારના સાચા સ્વરૂપનું ભાન થઈ ગયું. તેને તીવ્ર વૈરાગ્ય જાગ્યો અને સંસારના ભોગો પ્રત્યે નફરત ઉત્પન્ન થઇ. જેની પ્રત્યે અપૂર્વ રાગ અને મમતા હોય તે જ ઘણીવાર માણસ માટે ત્યાગનું નિમિત્ત બની જાય છે. દેવો જે રૂપની પ્રશંસા કરતા હતા તેમજ જે રૂપ માટે સનત્ કુમાર મગરૂર હતા તે જ રૂપ તેના સંસાર ત્યાગનું નિમિત્ત બન્યું સર્પ જેમ કાંચળીનો ત્યાગ કરી દે છે તેમ સનત્ કુમારે પણ રાજવૈભવ અને ભોગ સાધનોનો ત્યાગ કરી તપ અને સંયમનો સાધુ ધર્મ સ્વીકાર્યો અને ઉગ્ર તપશ્ચર્યા શરૂ કરી.

જેઓ કર્મમાં શૂરા હોય છે તેઓ ધર્મમાં પણ શૂરા હોય છે. વૈભવ અને વિલાસના માર્ગે માનવ શક્તિનો હ્રાસ થાય છે, પરંતુ એજ શક્તિના પ્રવાહને જો ત્યાગ-તપ-સંયમના માર્ગે વાળી શકાય તો તેથી મુક્તિપદ પામી શકાય છે. છ ખંડના રાજવૈભવને છોડી ચારિત્ર ગ્રહણ કર્યા બાદ સનત્-કુમાર મુનિએ છટ્ઠના પારણે છટ્ઠની તપશ્ચર્યા શરૂ કરી અને પારણાના દિવસે પણ માત્ર રસહીન લુખ્ખો આહાર વાપરવાનું શરૂ કર્યું. ચક્રવર્તી સનત્ કુમાર હવે રાજર્ષિ બન્યાં. તેનું થનગનાટ કરતું યૌવન જર્જરિત બન્યું અને તેના દેહમાં અનેક રોગો વૃદ્ધિ પામવા લાગ્યા.

શરીરમાં ગમે તેવા વ્યાધિ કે રોગો ઉત્પન્ન થાય તો પણ યત્કિંચિત્ ઔષધોપચારાદિનું સેવન ન કરવાનો એ મહાન આત્માએ દીક્ષા વખતે જ અભિગ્રહ કર્યો હતો, સનત્ કુમારની એક વખતની પ્રિયરાણી સુનંદાથી પતિદેવની આવી વેદના નજરે જોઇ શકાતી ન હતી, એટલે સારવાર અર્થે તેણે મુનિરાજને અત્યંત કાકલૂદી ભરી આજીજી કરી. તે વખતે તેના મનનું સમાધાન કરતાં મુનિરાજે કહ્યું: 'સમભાવપૂર્વક વેદના સહન કરવામાં આત્મા ને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર્મનો બંધ નથી થતો પણ નિર્જરા થાય છે. ઉદયકાળ પ્રાપ્ત થતા પહેલાં કર્મોને ઉદયમાં લાવી ભોગવી લેવાથી આત્મપ્રદેશથી એ કર્મો ખરી પડે છે અને તેથી આત્માને દુઃખ નહિ પણ પ્રસન્નતા અનુભવાય છે. આત્મા તેથી ભારે નહિ પણ હળવો બને છે, વળી સમભાવ પૂર્વક પરિષહો અને વેદના સહવાના કારણે જીવના માટે દુર્ગતિમાં જવાની અને ગર્ભવાસમાં રહેવાની દુઃખ પરંપરાનો ક્ષય થઇ જાય છે. ત્યારે બીજી બાજુ સંયમ પાળવામાં થતા કષ્ટથી કાયર બની ક્ષણિક સુખ ખાતર બાહ્ય ઉપચારની મદદ લેવાથી નરક–તિર્યંચ ગતિના આગામી દુઃખો સ્વીકારવા પડે છે. આ બે માર્ગમાંથી હું કયા માર્ગે જાઉં તે તમે પસંદ કરો છો?' સુનંદાની પાસે આની સામે કોઇ દલીલ ન હતી અને તે ચૂપ થઈ ગઈ.

મુનિરાજના દેહના દર્દોની વેદના દિનપ્રતિદિન વધવા લાગી. એકવાર પુનઃ ઇન્દ્રસભામાં ઇન્દ્ર મહારાજે સનત્ કુમાર મુનિના તપ અને સહનશીલતાની પ્રશંસા કરી, એટલે પ્રથમ આવેલા બંને દેવો સનત્ કુમાર મુનિની સારવાર અર્થે ધન્વંતરિનું રૂપ ધારણ કરી ફરી આવ્યા. બંને દેવે એ મુનિરાજ પાસે આવી વંદન કરી તેમના રોગોનો ઉપચાર કરવા રજા માંગી, પણ તે માટે મુનિરાજે ના પાડી એટલે બંને દેવોએ પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કરી કહ્યુ: 'મુનિરાજ! આપની રિદ્ધિસિદ્ધિ, અપૂર્વ વૈભવ તેમ જ બળ અને રૂપ અમે પ્રત્યક્ષ રીતે નિહાળ્યા છે, એટલે આપના દેહના રોગોની આવી અસહ્ય વેદના અમારાથી જોઇ શકાતી નથી, તેથી આપના દર્દના શાંતિ અર્થે નહિ પરન્તુ અમારા મનમાં સમાધાન અને શાંતિ અર્થે રોગોનો ઉપચાર કરવાની અમને રજા આપો. અમારી પાસે એવા ચમત્કારી ઔષધો છે કે જેના સેવનથી ઘડીબેઘડીમાં આ તમામ રોગોનો નાશ થઈ જશે.'

મુનિરાજે શાંતિપૂર્વક દેવોને કહ્યું: આપે રાજસભામાં જે દિવસે મારા દેહમાં રહેલા રોગોના જંતુઓ બતાવ્યાં તે ઘડીથી જ આ દેહપરની માયા-મમતાનું વિસર્જન થયું. જે કોઇ માનવી મન વચન અગર કાયાથી પોતાના દેહ કે દેહના રૂપ–લાવણ્યમાં રાગ આસક્તિ કરે છે તેને અંતે દુઃખના ખાડામાં ઉતરવું પડે છે. હું તો શરીરથી છૂટીને અશરીરી દશા પ્રાપ્ત કરવાની સાધના કરી રહ્યો છું. જેને શરીરનું મહત્ત્વ અને મમતા છે તે જીવ સંસારથી કદાપિ છૂટી શકતો નથી અને અશરીરી સિદ્ધપદ પામી શકતો નથી. મારી સાધના દેહના રોગોની શાંતિ અર્થે નહિ પણ ભવ રોગનો નાશ કરવા અર્થેનો છે. એટલે તમારી પાસે ભવરોગનો નાશ કરવાની અર્થાત્ ફરી જન્મ ન લેવો પડે એવી કોઈ દવા હોય તો આપની પાસે તેનો ઉપચાર કરાવવા તૈયાર છું.'

દેવોએ કહ્યું: 'મુનિરાજ! જ્યાં અમે અમારો પોતાનો જ ભવરોગ દૂર કરી શકયા નથી ત્યાં આપના ભવરોગને તો અમે કઈ રીતે દૂર કરી શકીએ? પરન્તુ દેહના રોગોના નાશ થતાં આપની આત્મસાધના સરળ બનશે એમ આપને નથી લાગતુ?'

દેવોની વાત સાંભળી મુનિરાજ મુક્ત કંઠે હસી પડ્યાં અને બોલ્યા: 'અનિત્ય, અસાર અને અશરણરૂપ દેહમાં જીવને પ્રીતિ થાય એથી વિશેષ અચરજ ઉપજાવે તેવી આ સંસારમાં કોઇ અન્ય બાબત નથી દેહ અને આત્મા ભિન્ન ભિન્ન હોવાના કારણે આત્મસાધનામાં દેહના દર્દો અંતરાયરૂપ નથી બની શકતાં. પણ દેહના ભોગો બને છે. દેહના દર્દો તો દેહની અનિત્યતા અને ક્ષણભંગુરતાનું ભાન કરાવે છે અને એ ભાન થયા વિના આત્મસાધનામાં એક ચિત્ત થઇ શકાતું નથી.'

આમ છતાં દેવોના મનમાં સમાધાન અર્થે અને દેહના નિયંત્રણ અર્થે આત્મામાં રહેલી અપૂર્વ શક્તિનો પરચો બતાવવા મુનિરાજે પોતાના દેહ પર એક અદ્ભુત પ્રયોગ કરી બતાવ્યો. ઉત્કૃષ્ટ તપ અને સમભાવના કારણે સનત્ કુમાર મુનિને આમ-ૌષધિ, વિપ્રૌષધિ, ખેલૌષધિ, જલૌષધિ વગેરે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(અનુસંધાન પાના નં. પર નું ચાલુ)

લબ્ધિઓ પ્રાપ્ત થઇ હતી. મુનિરાજે પોતાનું થૂંક પોતાની આંગળી પર ચોપડયું કે તરત જ આંગળીમાંથી કુષ્ટના વ્યાધિ અંગે જે લોહી પરુ વહી રહ્યું હતું તે બંધ થઇ ગયું અને તે આંગળી કંચન જેવી શુદ્ધ અને સ્ફટિક જેવી નિર્મળ બની ગઇ.

મુનિરાજની આવી અદ્ભુત શકિત અને અપૂર્વ સિદ્ધિ જોઈ બન્ને દેવો આશ્ચર્યચકિત થઇ ગયા અને તેમના મસ્તકે નમી પડયા. મુનિરાજને વંદન કરી તેઓ પોતાને સ્થાને ચાલી ગયા

પાંચ પચીસ કે સો વરસ નહિ પણ સાતસો વરસો સુધી સનત્ કુમાર મુનિએ અદ્ભુત શાંતિ અને સમભાવપૂર્વક દેહના રોગોની આવી કાતિલ વેદના સહન કરી. સંસારમાં પ્રારબ્ધાનુસાર શુભાશુભ કર્મો ઉદયમાં આવે છે પણ જ્ઞાની પુરુષો તેમાં કદી પ્રીતિ-અપ્રીતિ થવા દેતા નથી, એ વસ્તુ આચરણ દ્વારા સનત્ કુમાર ચક્રવર્તીએ સિદ્ધ કરી બતાવી. અગ્નિ લોહનો સંગી થાય છે એટલે તેને ઘણના ઘા ઝીલવા પડે છે, તેમ અગ્નિ જેવા તેજસ્વી આત્માને પણ દેહ રૂપ લોહના સંગનાં કારણે દુઃખ અને દર્દો સહન કરવા પડે છે. ધર્મશાસ્ત્રોએ તેથી જ શરીરની આસકિતને દુઃખના સકલ કારણરૂપે દર્શાવેલ છે

સનત્ કુમાર ચક્રવર્તીના જીવનની વાત સમસ્ત માનવ જાતને માટે માર્ગદર્શન રૂપ છે માનવજન્મ પ્રાપ્ત થયા પછીની સાધના ભવરોગને ટાળવા માટેની હોય, વધારવા માટેની નહીં. માનવ જીવન પ્રાપ્ત કર્યા પછી મનુષ્ય મુકિતની જેટલી નજીક પહોંચી શકયો હોય તેટલા અંશે તેના જીવનની સાર્થકતા, અને જેટલા અંશે દૂર હોય તેટલા અંશે તેના જીવનની નિષ્ફળતા જીવનની સફળતા અને નિષ્ફળતા-એ માણસના પોતાના જ હાથની વાત છે માણસ કેટલા પુત્રો, પૌત્રો, પુત્રીઓ, દૌહિત્રો અને દૌહિત્રીઓ તેમજ ધન-માલ મિલકત મૂકીને મરી ગયો- એ બધી વસ્તુઓના માણસના જીવનને અંતે કશા જ મૂલ્ય નથી. માનવ જન્મ પ્રાપ્ત કરી તેનો આત્મા મુકિતની કેટલી નજીક પહોંચી શકયો છે એજ વાત મહત્ત્વની છે અને તેથી શ્રીમદ્ આનંદઘનજીએ સ્પષ્ટ ભાષામાં જ કહી દીધું છે કેઃ-

નિજ સ્વરૂપ જે કિરિયા સાધે,<br>
તેહ અધ્યાતમ લહિયેરે;

જે કિરિયા કરી ચઉગતિ સાધે,<br>
તે ન અધ્યાતમ કહીયેરે

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સુવર્ણ મહોત્સવ ગ્રંથમાં પ્રગટ થયેલી લેખકની વાર્તા સંક્ષિપ્ત રૂપે.

### ક્ષમા

યથાશકિત તપસ્યા તો કરની હી ચાહિયે ।
પર તપસ્યા કે સાથ ક્ષમા ધારણ કરના ભી અત્યન્ત આવશ્યક હૈ ॥

### મોક્ષ

ધર્મનું પાલન જીવનમાં સુખ, શાન્તિ અને પ્રસન્નતા અનુભવવા તથા કર્મક્ષય કરી મોક્ષ પામવા માટે અનિવાર્ય છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash BV. G. Regd. No. 31


# દરેક લાયબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

* તારીખ ૧-૯-૮૭ થી નીચે મુજબ રહેશે. *

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રિશષ્ઠી શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પુસ્તકારે (મૂળ સંસ્કૃત) | ૫૦-૦૦ |
| ત્રિશષ્ઠી શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે (મૂળ સંસ્કૃત) | ૫૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧લો | ૮૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૮૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૩જો | ૮૦-૦૦ |
| સ્ત્રી નિર્વાણ કેવલીભુક્તિ પ્રકરણ મૂળ | ૨૫-૦૦ |
| જિનદત વ્યાખ્યાન | ૧૫ ૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૨૦-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૫૦-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૪૦-૦૦ |
| શ્રી જાણ્યુ અને જોયું | ૨-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૧૫-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૩૦-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૫-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે. સ્વ. પૂ. આ શ્રી વિ. કસ્તુરસૂરીશ્વરજી | ૪૦-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૨૫-૦૦ |
| ,, ,, ભાગ-૨ | ૪૦-૦૦ |
| શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર | ૭-૦૦ |
| શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૧૦-૦૦ |
| વૈરાગ્ય ઝરણા | ૩-૦૦ |
| ઉપદેશમાળા ભાષાંતર | ૩૦-૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૫-૦૦ |
| પૂ૦ આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક : પાકુ બાઇન્ડીંગ | ૧૦-૦૦ |
| આત્મવિશુદ્ધિ | ૮ ૦૦ |
| જૈન દર્શન મીમાંસા | ૫-૦૦ |
| હું અને મારી બા | ૫-૦૦ |
| જંબૂસ્વામિ ચરિત્ર | ૧૨-૦૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઈટ, ભાવનગર. (સૌરાષ્ટ્ર)


તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only